ગુજરાતના વડોદરામાં રહેતી 24 વર્ષીય ક્ષમા બિંદુ 11 જૂને પોતાના લગ્ન પોતાની જ સાથે કરવા જઈ રહી છે. ગુજરાતમાં કદાચ આ પ્રથમ સ્વ-લગ્ન હશે.

પોતાની જાત સાથે લગ્નઃ કરવું તેને ઈંગ્લીશ માં solagamy કહેવાય છે.

દરેક છોકરીનું સપનું હોય છે કે તે લગ્ન કરે પોતાની પસંદગીના વર સાથે પરણે. વડોદરા ની આ ચોવીસ વર્ષની યુવતી પણ લગ્ન કરવા માંગે છે, દુલ્હનના રૂપમાં સજવા માંગે છે, પણ દુલ્હા વગર. કદાચ ગુજરાતીઓને નવાઈ લાગશે પણ વડોદરામા રહેતી ચોવીસ વર્ષની ક્ષમા બિંદુ અગિયારમી જૂને પોતાના લગ્ન પોતાની સાથે કરવા જઈ રહી છે. ક્ષમાના લગ્નમાં મહેમાનો આવશે, પરિવાર, મિત્રો પણ હશે ફકત ખાલી વરરાજા જ નહીં હોય. ક્ષમાના કહેવા મુજબ ગુજરાતમાં કદાચ આ પ્રથમ સ્વ લગ્ન હોઈ શકે.

પોતાની જાત સાથે લગ્નઃ કરવું તેને ઈંગ્લીશ માં સોલોગામી કહેવાય છે.

ક્ષમાને અન્ય છોકરીઓની જેમ દુલ્હન બનવાનું સપનું તો હતું પરંતુ તે લગ્ન કરવા માંગતી હતી નહિ. તેથી તેણે વર વગર લગ્ન કરવાનું વિચાર્યું. ક્ષમા આ લગ્નને આત્મનિર્ભરતા અને સ્વ-પ્રેમ તરફનું એક પગલું માને છે. દેશમાં કોઈ મહિલાએ પોતે લગ્ન કર્યા છે કે કેમ તે જાણવા માટે તેણે કેટલાક ઓનલાઈન શોધખોળ કરી પણ કોઇ મળ્યું નહિ કદાચ તે દેશની પહેલી છોકરી હશે જેણે પોતાની સાથ લગ્ન કર્યાં હોય.

ક્ષમાએ લગ્નની બધી તૈયારીઓ કરી લીધી છે.તે અગિયારમી જૂને ગોત્રીના એક મંદિરમાં લગ્ન કરશે. તે લગ્ન બાદ હનીમૂન પર પણ જશે. તેના માટે તેણે ગોવા પસંદ કર્યું છે. તેના આ નિર્ણય સામે પરિવારને કોઈ વાંધો નથી. માતા પિતાએ લગ્ન માટે આશીર્વાદ આપ્યા છે.

જો આ વીડિયો તમને પસંદ આવ્યો હોય તો શેર તેમજ વધ માહિતી માટે અમારી ચેનલને સબસ્ક્રાઈબ કરવાનુ ભૂલશો નહિ.